યા દેવી સર્વભૂતેષુ લક્ષ્મી રૂપેણ સંસ્થિતા, નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ, નમસ્તસ્યૈ નમો નમઃ

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૨૨૧ | ૨૦ ઓક્ટોબર, ૨૦૨૦, મંગળવાર; નિ. આસો સુદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# આસામ-મિઝોરમના સરહદી વિસ્તારોમાં હિંસા

**હિંસા બાદ ગૃહ મંત્રાલયે તાત્કાલિક બેઠક બોલાવી : આસામ અને મિઝોરમના લોકો વચ્ચે થયેલા હિંસક ઘર્ષણમાં અનેક લોકો ઘાયલ થયા બાદ બંને રાજ્યોની સરહદો પર ભારે તણાવની સ્થિતિ પેદા થઈ**





ગુવાહાટી,તા.૧૯

આસામ અને મિઝોરમના લોકો વચ્ચે થયેલા હિંસક ઘર્ષણમાં અનેક લોકો ઘાયલ થયા બાદ બંને રાજ્યોની સરહદો પર તણાવની સ્થિતિ પેદા થઈ છે. જો કે અધિકારીઓનું કહેવું છે કે મિઝોરમના કોલાસિબ અને આસામના કછાર વિસ્તારમાં સ્થિતિ નિયંત્રણમાં છે. મિઝોરના ગૃહમંત્રી લલચામલિયાનાએ કહ્યું કે હાલાતની સમીક્ષા કરવા માટે કેન્દ્રીય ગૃહ સચિવ અજયકુમાર ભલ્લા આજે બંને રાજ્યો સાથે થનારી બેઠકની અધ્યક્ષતા કરી હતી. તેમણે કહ્યું કે બેઠકમાં બંને રાજ્યોના મુખ્ય સચિવ હાજર રહ્યા હતા. અધિકારીઓના જણાવ્યા મુજબ હિંસા પ્રભાવિત વિસ્તાર મિઝોરમના વેરેંગતે ગામ પાસે અને આસામના લૈલાપુરમાં સીઆરપીએફ સહિત સુરક્ષાકર્મીઓ તૈનાત કરાયા છે. મિઝોરમના કોલાસિબ જિલ્લાનું વેરંગતે ગામ રાજ્યનો ઉત્તર ભાગ છે જ્યાંથી પસાર થતો રાષ્ટ્રીય રાજમાર્ગ ૩૦૬ આસામને આ રાજ્ય સાથે જોડે છે. આ બાજુ આસામના કછાર જિલ્લાનું લૈલાપુર તેનું સૌથી નીકટનું ગામ છે. કોલાસિબ જિલ્લાના ડેપ્યુટી

● અનુસંધાન પાન-૭ પર

# બિહાર ચૂંટણીમાં આતંકી હુમલાનો ભય

**બિહારની રેલીમાં આતંકીઓ મોટા નેતાને નિશાન બનાવશે ! : અગાઉ વડાપ્રધાનની રેલી પર હુમલો થઈ ચૂક્યો છે**
**બિહારની ચૂંટણીઓમાં વીઆઈપી નેતાઓની હિલચાલને લઈને પોલીસ હેડક્વાર્ટર દ્વારા હાઈએલર્ટ જાહેર કરાયું**

પટણા, તા. ૧૯

બિહાર વિધાનસભાની ચૂંટણીને લઈને આ મોટો સમાચાર છે. રાજ્યમાં વીઆઈપી નેતાઓની હિલચાલ દરમિયાન હુમલો થવાની સંભાવનાને ધ્યાનમાં રાખીને પોલીસ હેડક્વાર્ટરએ હાઈએલર્ટ જાહેર કર્યું છે. પોલીસ હેડ ક્વાર્ટર દ્વારા તમામ રેન્જ આઈજી, ડીઆઈજી અને જિલ્લાના એસપીને સબંધિત ઓર્ડર જારી કરવામાં આવ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે વડા પ્રધાન નરેન્દ્ર મોદી, ગૃહ પ્રધાન અમિત શાહ અને ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથ સહિત ઘણા ઉચ્ચ પ્રોફાઈલ નેતાઓ બિહારમાં ચૂંટણી પ્રચાર માટે આવવાના છે. સરકાર તેમની સલામતી માટે પહેલાથી જ ગંભીર બની ગઈ છે. વિશેષ વાત એ છે કે કેટલાક વર્ષો પહેલા પટનાના ગાંધી મેદાનમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીની ચૂંટણી સભા દરમિયાન સીરીયલ બ્લાસ્ટ થઈ ચૂક્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, પોલીસ હેડક્વાર્ટરને બિહારની ચૂંટણી દરમિયાન વીઆઈપી નેતાઓ પર હુમલો કરવાની શંકા છે. પોલીસે આ સંદર્ભમાં ચોક્કસ માહિતી આપવાનો ઈનકાર કર્યો છે. જો કે, પોલીસ હેડક્વાર્ટરના નિર્દેશ મુજબ સુરક્ષા વ્યવસ્થાની નવેસરથી સમીક્ષા કરવામાં આવી રહી છે. બિહારના એડીજી જીતેન્દ્ર કુમારે જણાવ્યું હતું કે ઘણા રાષ્ટ્રીય નેતાઓ ચૂંટણી પ્રચાર માટે આવી રહ્યા છે. આ સમય દરમિયાન ભીડ રહેશે. તેને ધ્યાનમાં રાખીને, તમામ સાવચેતી રાખવાના નિર્દેશ અપાયા છે.

# લદાખમાંથી ભારતીય સેનાએ ચીનના સૈનિકને ઝડપી લીધો

**લદાખ સરહદે ચીનની અવળચંડાઈ જારી : ઝડપાયેલો સૈનિક કોરપોરલ રેન્ક પર છે અને તે શાંગજી વિસ્તારનો છે, સૈન્ય દ્વારા સઘન પુછપરછ બાદ છોડાશે**

નવી દિલ્હી, તા. ૧૯

લાઈન ઓફ એક્યુઅલ કંટ્રોલ લાઈન ને લઈને તનાવ વચ્ચે પીપલ્સ લિબરેશન આર્મીના સૈનિકને લદ્દાખના ડેમચોકથી અટકાયતમાં લેવામાં આવ્યો છે. ચીની સૈનિકની આજે સવારે અટકાયત કરવામાં આવી છે, જે કોરપોરલ રેન્ક પર છે અને તે શાંગજી વિસ્તારનો રહેવાસી છે. તેની પાસેથી સિવિલ અને સૈન્યના દસ્તાવેજો મળી આવ્યા છે. દરમિયાન, સૈનિક ભુલથી ભારતીય સરહદમાં ઘુસી ગયો હોવાનું જાણવા મળ્યા બાદ ચીનની વિનંતી પર તેને છોડી મુકવામાં આવશે. ભારતીય સૈન્યના સૈનિકોએ ચીની સૈનિકને કબજોમાં લીધો. તેની પૂછપરછ કરવામાં આવી રહી છે. તેમને પૂછવામાં આવી રહ્યું છે કે તે ભારતીય સરહદ વિસ્તારમાં શું કરે છે. તપાસ એજન્સીઓ જાસૂસી મિશનના એંગલથી પણ આ મુદ્દાની તપાસ કરી રહી છે. બંને દેશોની વચ્ચે સરહદો નક્કી ના થવાના લીધે મોટાભાગે આવી ઘટનાઓ બનતી રહે છે. ભારત અજાણતા સરહદ પાર કરીને આવતા ચીની નાગરિકોને સકુશળ પાછ મોકલવામાં કયારેય ખચકાતું નથી. આ તણાવની વચ્ચે એક ચીની કપલ રસ્તો ભટકી ગયું હતું. આપણી સેના એ માત્ર તેમને રસ્તો જ દેખાડ્યો નહીં પરંતુ ખવડાવી પીવડાવી તેમને પાછા મોકલ્યા હતા. પ્રોટોકોલ અનુસાર જો



કોઈ અજાણતા સરહદ પાર કરે છે તો તેને પૂછપરચ્છ બાદ પાછા સોંપી દેવાય છે. જો કે ચીન આ મામલામાં તિકડમબાજીથી બાજ આવતું નથી. ગયા મહિને અરૂણાચલ પ્રદેશના પાંચ યુવાનો ગુમ થઈ ગયા હતા. પૂરી શંકા હતી કે ચીને પકડી રાખ્યા છે. પહેલાં તો ચીને કંઈ કહ્યું નહીં બાદમાં તેમને છોડી દીધા. ઉલ્લેખનીય છે કે છેલ્લાં કેટલાંય મહિનાઓથી લદાખ બોર્ડર પર ભારત અને ચીનના સૈનિકો આમને સામને છે.

# દેશમાં કોરોના પોઝિટિવ દૈનિક કેસોમાં ઘટાડો થયો

**છેલ્લા ૨૪ કલાકમાં ૫૫,૭૨૨ પોઝિટિવ કેસ : તહેવારોના દિવસોમાં સાવચેતી નહીં જાળવીએ તો કેસ વધી શકે છેઃ સરકારી પેનલ**

ન્યુ દિલ્હી,તા.૧૯

ભારતમાં કોરોના સંક્રમણના ફેલવામાં સતત ઘટાડો આવી રહ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં ૫૫,૭૨૨ નવા પોઝિટિવ કેસો નોંધાયા છે. આ ઉપરાંત કોવિડ-૧૯ના કારણે ૫૭૯ દર્દીઓએ પોતાના જીવ ગુમાવ્યા છે. દેશમાં કુલ સંક્રમિતોનો આંક ૭૫ લાખને પાર થઈ ચૂક્યો છે. તો અત્યાર સુધીમાં ૧.૧૪ લાખ લોકોએ કોવિડ-૧૯ સામે લડતાં જીવ ગુમાવ્યો છે. કેન્દ્રીય આરોગ્ય વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડાઓ મુજબ દેશમાં કુલ સંક્રમિતોની સંખ્યા ૭૫,૫૦,૨૭૩ પહોંચી છે.

આ ઉપરાંત, ભારતમાં કોવિડ-૧૯ મહામારી સામે લડીને ૬૬ લાખ ૬૩ હજાર ૬૦૮ લોકો સાજા પણ થઈ ચૂક્યા છે. હાલ ૭,૭૨,૦૫૫ એક્ટિવ કેસો છે. દેશમાં અત્યાર સુધીમાં કુલ ૧,૧૪,૬૧૦ લોકોનાં કોરોના વાયરસના કારણે મોત થયા છે.

બીજી તરફ, ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચએ સોમવારે જાહેર કરેલા આંકડાઓ મુજબ, ૧૮ ઓક્ટોબર સુધીમાં ભારતમાં કુલ ૯,૫૦,૮૩,૯૭૬ કોરોના સેમ્પલનું ટેસ્ટિંગ કરવામાં આવ્યું છે. નોંધનીય છે કે, છેલ્લા ૨૪ કલાકમાં ૮,૫૯,૭૮૬ સેમ્પલનું ટેસ્ટિંગ કરવામાં આવ્યું છે.

ભારતમાં સૌથી વધુ કોરોના વાયરસનો પ્રકોપ મહારાષ્ટ્રમાં જોવા મળે છે. મહારાષ્ટ્રમાં છેલ્લા ૨૪ કલાકમાં સૌથી વધુ ૧૦૨૫૯ કેસ સામે આવ્યા છે તો બીજા નંબરે કેરલ છે જ્યાં ૯૦૧૬ કેસ સામે આવ્યા છે. જ્યારે ગુજરાતમાં ૨૪ કલાકમાં ૧૦૯૧ કેસ સામે આવતા હવે કોરોનાનો કુલ આંકડો ૧૫૯૭૨૬ થયો છે તો મૃત્યુઆંક પણ ૩૬૩૮ થયો છે. જ્યારે વધુ ૧૨૩૩ દર્દીઓ સ્વસ્થ થતાં રાજ્યનો રિકવરી રેટ પણ સુધરીને ૮૮.૬૮એ પહોંચ્યો છે.

# એશિયા-પ્રશાંત ક્ષેત્રના ૨૬ દેશોમાં ભારત ચોથો સૌથી શક્તિશાળી દેશ

**ઓસ્ટ્રેલિયાની થિંક ટેન્ક લોવી ઇન્સ્ટિટ્યૂટ ઓફ પાવર ઇન્ડેક્સનો રિપોર્ટ : ચીન સુપર પાવર બનવાની હોડમાં અમેરિકાની નજીક પહોંચ્યું**

મેલબર્ન,તા.૧૯

એશિયા-પ્રશાંત ક્ષેત્રના ૨૬ દેશોમાં ભારત ચોથો સૌથી શક્તિશાળી દેશ બની ગયો છે. ઓસ્ટ્રેલિયાની થિંક ટેક્ર લોવી ઈન્સ્ટિટ્યૂટ ઓફ પાવર ઈન્ડેક્સનું કહેવું છે કે ભારત ભવિષ્યની વિશાળ શક્તિ છે. જો કે ચીન સુપર પાવર બનવાની હોડમાં અમેરિકાની નજીક પહોંચી ગયું છે.

લોવી ઈસ્ટિટ્યૂટ ઓફ પાવર ઈન્ડેક્સ ૨૦૨૦ મુજબ અમેરિકા હજુ પણ ૮૧.૬ પોઈન્ટ સાથે સુપર પાવર બનેલું છે. પરંતુ ચીન હવે તેનાથી માત્ર ૫ પોઈન્ટ પાછળ રહી ગયું છે. તેના ૭૬.૧ પોઈન્ટ છે. જ્યારે ત્રીજા સ્થાને ૪૧ પાઈન્ટ સાથે જાપાને છે. ભારત જાપાનથી માત્ર થોડાક અંક પાછળ છે. એટલે આપણને ૩૯.૭ પોઈન્ટ મળ્યા છે.

લોવી ઈન્સ્ટિટ્યૂટે એશિયા પાવર ઈન્ડેક્સમાં ભારતને સંરક્ષણ અને આર્થિક મામલે પાછળ બતાવાયા છે.

ઈન્ડેક્સ માપવા માટે આર્થિક સંસાધાન, સૈન્ય તાકાત, ફ્લેક્સિબ્લિટી (તરલતા), ભવિષ્યનું રુઝાન, રાજકીય પ્રભાવ, આર્થિક સંબંધો. સંરક્ષણ નેટવર્ક અને સાંસ્કૃતિક પ્રભાવ સહિતની ૮ બાબતોનો સવાવેશ થયો હતો.

ઈન્ડેક્સ પશ્ચિમમાં પાકિસ્તાન, ઉત્તરમાં રશિયા અને પ્રશાંત ક્ષેત્રમાં અમેરિકા, ઓસ્ટ્રેલિયા અને ન્યૂઝીલેન્ડ પણ

● અનુસંધાન પાન-૭ પર

# ...તો ૨૨મીએ બે કલાક માટે દેશમાં ટ્રેન સેવા થંભી જશે

**૨૧મી ઓક્ટોબર સુધીમાં બોનસનો પ્રશ્ન નહીં ઉકેલાય તો ૨૨મીએ બે કલાક માટે ટ્રેન સેવા રોકી દેવામાં આવશે : ભારતીય રેલવે યુનિયનના નેતાઓની ચીમકી**

મુંબઈ,તા.૧૯

રેલવેના યુનિયન લીડરોએ ચીમકી આપી છે કે જો તેમની રેલેવના કર્મચારીઓને બોનસ સહિતની માગણીઓનો સ્વીકાર કરવામાં નહીં આવે તો ૨૨ ઓક્ટોબરે દેશભરમાં ટ્રેનોના પૈડાં બે કલાક માટે થંભી જશે. ઉલ્લેખનીય છે કે, ભારતીય રેલવેમાં ૪૬ વર્ષ પહેલા આવી હડતાળ થઈ હતી. ૧૯૭૪માં દેશમાં ઈમરજન્સી લાગુ કરાઈ તેને પગલે રેલવે કર્મચારી યુનિયનના નેતા જ્યોર્જ ફર્નાન્ડિઝે હડતાળની જાહેરાત કરી હતી. ઓલ ઈન્ડિયા રેલવેમેન્સ ફેડરેશનના જનરલ સેક્રેટરી ગોપાલ મિશ્રાએ કહ્યું કે, જો ૨૧ ઓક્ટોબર સુધીમાં બોનસની જાહેર નહીં કરાય તો ૧૯૭૪ના

● અનુસંધાન પાન-૭ પર




#Including Union Territories ^Including IBPC issued *As of June 30, 2020 > Borrowers and depositors

Give a missed call
888 00 36666
visit www.equitasbank.com

equitas
Equitas Small Finance Bank

EQUITAS SMALL FINANCE BANK LIMITED is proposing, subject to applicable statutory and regulatory requirements, receipt of requisite approvals, market conditions and other considerations, to make an initial public offering of its Equity Shares and has filed the RHP with the RoC. The RHP is available on the website of SEBI at www.sebi.gov.in, websites of the Stock Exchanges i.e. BSE and NSE at www.bseindia.com and www.nseindia.com, respectively, and is available on the websites of the BRLMs i.e. JM Financial Limited, Edelweiss Financial Services Limited and IIFL Securities Limited at www.jmfl.com, www.edelweissfin.com and www.iiflcap.com, respectively. Bidders should note that investment in equity shares involves a high degree of risk and for details relating to the same, please see the section entitled "Risk Factors" on page 24 of the RHP. Potential Bidders should not rely on the DRHP filed with SEBI for making any investment decision.
The Equity Shares have not been and will not be registered under the U.S. Securities Act of 1933, as amended (the "Securities Act") or any other applicable law of the United States and, unless so registered, may not be offered or sold within the United States, except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the Securities Act and applicable state securities laws. Accordingly, the Equity Shares are only being offered and sold (i) within the United States only to persons reasonably believed to be "qualified institutional buyers" (as defined in Rule 144A under the Securities Act, "Rule 144A") in transactions exempt from, or not subject to, registration requirements of the Securities Act, and (ii) outside the United States in offshore transactions in reliance on Regulation S under the Securities Act and pursuant to the applicable laws of the jurisdictions where those offers and sales are made. There will be no public offering of the Equity Shares in the United States.

